## બારડોલીમાં ખેતરોમાંથી મોટર અને કેબલ ચોરતી ગેંગ ઝડપાઇ

**પોલીસે** સાત ગુનાનો ભેદ ઉકેલી કાઢી ચારની ધરપકડ કરી



બારડોલી : બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક ખેડૂતોના ખેતરોમાંથી કેબલ, ખેતીવાડીની સબમર્સિબલ મોટર અને ડાયનેમો ચોરી કરતી ગેંગના 4 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ 7 ગુના ઉકેલી 1.71 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મસાડ, ઉમરાખ, ખરવાસા તેમજ ઓરગામ વગેરે ગામોના ખેતરોમાંથી ઇલેક્ટ્રિક મોટરો તેમજ ડાયનેમોની ચોરીનો સામાન કડોદ ખાતે આવેલા એક ભંગારના ગોડાઉન પર વેચવા માટે લાવવામાં આવ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. જેના આધારે કડોદ અને તેન ગામ ખાતે આવેલા ભંગારના ગોડાઉન પર પોલીસે દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસે ચોરીનો મુદ્દામાલ વેચનાર મુખ્ય આરોપીઓ તેમજ ચોરીનો માલ રાખનાર ભંગારના વેપારીઓ સહિત કુલ ચાર આરોપીઓની સ્થળ પરથી ધરપકડ કરી લીધી હતી. પકડાયેલા આરોપીઓએ ચોરીના સાત ગુનાની કબૂલાત કરી હતી. આ ગુનાઓમાં સામેલ અન્ય બે આરોપીઓને હાલ વોન્ટેડ જાહેર કરી પોલીસ તેમને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ સમગ્ર સફળ ઓપરેશન દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂપિયા ૧,૭૧,૭૪૦ ની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

### જપ્ત કરાયેલો મુદ્દામાલ

- ૪૮ કિલોથી વધુના એલ્યુમિનિયમના વીજતાર
- ૫૮ કિલોથી વધુ વજનના કિંમતી તાંબાના તાર
- ૨૮ કિલોગ્રામ ઇલેક્ટ્રિક ડીપીનો ભંગાર
- બે નંગ આખી ઇલેક્ટ્રિક મોટર
- બે નંગ ડાયનેમો, મોટરના વાયરો, ત્રણ મોબાઇલ

### પકડાયેલા આરોપી

૧. અનિલભાઇ ઉર્ફે જાફરો શંકરભાઇ હળપતિ (ઉંમર વર્ષ ૪૩, ધંધો મજુરી. રહેવાસી- સમથાણ ગામ, જુનો હળપતિ વાસ, તાલુકો બારડોલી, જિલ્લો સુરત)
૨. અશ્વિન જયંતિભાઇ હળપતિ (ઉંમર વર્ષ ૩૨, રહેવાસી- હરીપુરા, ગેરેજ ફળીયુ, તાલુકો બારડોલી, જિલ્લો સુરત)
૩. રાજેશભાઇ વિનયકુમાર ગુપ્તા (ઉંમર વર્ષ ૪૦, ધંધો વેપાર (ચોરીનો મુદ્દામાલ લેનાર), રહેવાસી- કડોદગામ, મહાદેવ સોસાયટી, રતનભાઇના મકાનમાં ભાડેથી, તાલુકો બારડોલી, જિલ્લો સુરત)
૪. રતન ઉર્ફે ફતેસિંગ સોહનસિંગ રાજપુત (ઉંમર વર્ષ ૫૧, ધંધો વેપાર - ચોરીનો મુદ્દામાલ લેનાર), રહેવાસી- બારડોલી, સાંઇ દર્શન સોસાયટી, ઘર નં.૨૦૧, તાલુકો બારડોલી, જિલ્લો સુરત)

### વોન્ટેડ આરોપીઓની વિગત

૧. રાકેશ રાઠોડ (જેના પુરા નામની વિગત મળી નથી, રહેવાસી- ઓરગામ, તાલુકો બારડોલી, જિલ્લો સુરત)
૨. મહેમુદ બીસ્મીલ્લા શેખ (રહેવાસી- બારડોલી, તલાવડી, તાલુકો બારડોલી, જિલ્લો સુરત)

## બારડોલીના ઈસરોલીમાંથી ૧૧,૨૪૬ રૂ.નો ગાંજો ઝડપાયો

**બાવળી** ફળિયામાં આંબાની નીચે જૂના સોફામાં ગાંજો સંતાડ્યો હતો

બારડોલી: બારડોલી ટાઉન પોલીસે બાતમીના આધારે ઈસરોલી ગામની સીમમાં દરોડા પાડીને ગાંજો ઝડપી પાડ્યો છે. જ્યારે નશીલા પદાર્થના સપ્લાયરની શોધખોળ શરુ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, ૨૭ જૂન ૨૦૨૬ના રો જ સાંજના સમયે બારડોલી તાલુકાના ઈસરોલી ગામે આવેલા બાવળી ફળિયામાં રેડ કરવામાં આવી હતી. આરોપીએ પોતાના ઘરની આગળ આવેલા આંબાની નીચે એક જૂનો સોફા રાખ્યો હતો તેમાં આ ગાંજો છુપાવવામાં આવ્યો હતો.

પોલીસે દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી કુલ ૨૨૪.૯૩ કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજો જપ્ત કર્યો હતો, જેની કિંમત ૧૧,૨૪૬ થાય છે. આ ઉપરાંત પોલીસને ત્યાંથી રૂપિયા ૪૫૦ની રોકડ રકમ અને આશરે ૨૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આમ, પોલીસે સ્થળ પરથી કુલ ૩૬,૬૯૬નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ રેડ દરમિયાન પોલીસે ૩૮ વર્ષીય ભાવેશભાઈ ચીમનભાઈ ચૌધરી (રહે. ઈશરોલી ગામ, બાવળી ફળિયું, તા. બારડોલી)ની અટકાયત કરી છે. તેની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે જગદીશ નામનો અન્ય એક ઈસમ પાસ-પરમિટ વગરનો આ નશીલો પદાર્થ પૂરો પાડતો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

## કોલેજની દીકરીઓ બિયર તરફ વળી રહી છે : મનસુખ વસાવા

**ગુજરાતની** મહિલાઓમાં આલ્કોહોલનું પ્રમાણ વધ્યુ છે પણ સરકારી અહેવાલોમાં આંકડા ઓછા બતાવાઇ છે



ભરૂચ : ભરૂચના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના નેતા મનસુખ વસાવાએ ગુજરાતમાં યુવાધન ખાસ કરીને યુવતીઓમાં વધી રહેલા નશીલા પદાર્થોના વ્યસનને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો છે કે આજે માત્ર યુવકો જ નહીં, પણ કોલેજોમાં ભણતી દીકરીઓ પણ બિયર, સિગારેટ અને ઈ-સિગારેટ તરફ વળી રહી છે.

સાંસદ વસાવાએ પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, 'મારી પાસે શહેર અને ગામડા બંને વિસ્તારમાંથી અનેક લોકોના પત્રો આવ્યા છે. સમાજના માનવંત લોકો, શિક્ષકો અને વાલીઓએ મને આ ખતરનાક વલણ વિશે જાણ કરી છે. આજે પાર્ટી કલ્ચરમાં યુવતીઓ ઈ-સિગારેટ પીતી જોવા મળે છે, અને કેટલીક કોલેજોમાં બિયર પીવાના બનાવો પણ સામે આવ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું જો આ દુષ્પ્રવૃત્તિને સમયસર રોકવામાં નહીં આવે, તો ગુજરાતનું આખું યુવાધન બરબાદ થઈ જશે. આ એક સામાજિક કટોકટી છે, અને હવે દરેક વાલી, શિક્ષક અને સમાજસેવકે સાથે આવીને યુવાનોને સાચો રસ્તો બતાવવો પડશે.'

આ દિશામાં સરકારી તંત્ર શું પગલાં લેશે તેની રાહ જોવાઈ રહી છે. તાજેતરના આંકડાઓ પણ દર્શાવે છે કે ગુજરાતમાં મહિલાઓમાં આલ્કોહોલ અને તમાકુના સેવનમાં થોડોક વધારો થયો છે, જોકે સરકારી અહેવાલોમાં આ આંકડાઓને ઓછા દર્શાવવામાં આવ્યા છે.

## માંડવીના ખંજરોલીમાં પશુપાલકે ટોર્ચ મારતા જ દીપડો ભાગી ગયો

**વાછરડાનો** શિકાર કરવા વાડા સુધી આવી ગયો હતો



હિતેશ પટેલ

માંડવી : માંડવી તાલુકાના ખંજરોલી ગામમાં દીપડાની વધતી સક્રિયતાને કારણે સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શનિવારે રાત્રે ગામમાં ઘૂસી આવેલા દીપડાએ પશુધન પર હુમલો કરવાનો પ્રયાસ કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગામના રહેવાસી મુકેશભાઈ મંગુભાઈ મહંતના વાડામાં ગાય અને વાછરડા બાંધેલા હતા. રાત્રિના અંદાજે ૧૦:૩૦ વાગ્યાના સુમારે એક દીપડો શિકારની શોધમાં વાડામાં ઘૂસી આવ્યો હતો અને તેણે ગાયના વાછરડા પર હુમલો કર્યો હતો. દીપડાના હુમલાથી અન્ય પશુઓ અવાજ કરવા લાગતા પશુમાલિક મુકેશભાઈની નિંદ્રા ઉડી ગઈ હતી.મુકેશભાઈએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક પોતાના મોબાઈલની ટોર્ચ દીપડા તરફ ફેંકી હતી. ટોર્ચના તેજ પ્રકાશથી અચાનક ચોંકી ગયેલો દીપડો ગભરાઈને વાછરડાને છોડી અંધારામાં ભાગી છૂટ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં વાછરડાનો આબાદ બચાવ થયો હતો.ગામમાં દીપડાના સતત વધતા જોખમને ધ્યાને રાખી ખંજરોલી ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા માંડવી રેન્જના વન વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું છે કે, ગામમાં દીપડાની અવારનવાર અવરજવરથી ગ્રામજનો અને પશુપાલકો ભારે ભય હેઠળ જીવી રહ્યા છે. કોઈ મોટી જાનહાની કે પશુધનનું નુકસાન ન થાય તે માટે વન વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી ગામ વિસ્તારમાં પાંજરું ગોઠવી દીપડાને પકડવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત, સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોએ વન વિભાગને રાત્રિના સમયે વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની અને ગામલોકોની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવા તાકીદ કરી છે.

## ડેડિયાપાડાના યુવાનની હત્યા કરવામાં આવી હતી

**અંકલેશ્વરની** અમરાવતી ખાડીમાંથી પરેશ વસાવાની લાશ મળી હતી

**પોસ્ટમોર્ટમ** રિપોર્ટમાં માથા અને ચહેરા પર બોથડ પદાર્થ માર્યો હોવાનો ખુલાસો થયો

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના અમરાવતી ખાડીના પુલ નજીકથી 20 જૂનના રોજ મળી આવેલી અજાણ્યા યુવકની લાશની ઓળખ પરેશભાઈ મણીલાલ વસાવા (ઉં. આશરે 30 થી 35) તરીકે થઈ છે. મૃતક મૂળ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના પાનુડા ગામના રહેવાસી હતા અને હાલ ભોલાવ વિસ્તારમાં ભાડાના મકાનમાં પરિવાર સાથે રહેતા હતા.

સુરત સિવિલ હોસ્પિટલમાં કરાયેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથાના ભાગે ગંભીર ઈજાના કારણે મોત થયાનુ બહાર આવતા અંકલેશ્વર રૂરલ પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધ્યો છે.

મૃતકની પુત્રી સંજનાબેન વસાવાની ફરિયાદ મુજબ તેમના પિતા ૧૭ જૂનથી ગુમ હતા. ત્યારબાદ ૨૦ જૂને અમરાવતી ખાડીના પુલ નીચે લાશ મળી આવી હતી. હાથ પરના ટેટૂ અને લાલ દોરાના આધારે પરિવારે લાશની ઓળખ કરી હતી. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહનો કબજો પરિવારને સોંપાતા પાનુડા ગામે અંતિમવિધિ કરવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ કોઈ અજાણ્યા વ્યક્તિએ મૃતકને અમરાવતી ખાડી નજીક લઈ જઈ કોઈ બોથડ પદાર્થથી માથા અને ચહેરા પર જીવલેણ ઈજાઓ પહોંચાડી હત્યા કરી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## બારડોલીના તેનમાંથી બાઇકની ચોરી

બારડોલી: બારડોલી ટાઉન પોલીસ મથકની હદમાં આવેલા તેન ગામની એક સોસાયટીના પાર્કિંગમાંથી મોટરસાયકલ ચોરી થવાનો બનાવ સામે આવ્યો છે. બારડોલીના તેન ગામ ખાતે આવેલી પરિવાર રેસિડેન્સીમાં (જી-૧) માં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા ૨૬ વર્ષીય ચિરાગભાઈ દીપકભાઈ ઢીમ્મરે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત તારીખ ૨૧/૦૬/૨૦૨૬ના રોજ સવારના આશરે ૯ વાગ્યાના અરસામાં, પરિવાર રેસીડન્સીના પાર્કિંગમાં મુકેલી તેમના મોટાભાઈ હિમાંશુની કાળા કલરની હોન્ડા કંપનીની યુનિકોર્ન મોટરસાયકલ કોઈ અજાણ્યો ચોર ચોરી કરી નાસી છૂટ્યો હતો. મોટરસાઇકલ ની આશરે કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ગણાવવામાં આવી છે.

## ૨૦ વર્ષથી ફરાર આરોપીને ગ્રામ્ય SOGએ ઝડપી લીધો

પલસાણા : સુરત ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગૃપે ૨૦ વર્ષથી ફરાર આરોપીને પલસાણા ચાર રસ્તા પાસેથી ઝડપી લીધો છે. ફરાર આરોપીની મળેલી સંયુક્ત બાતમીના આધારે પલસાણા ચાર રસ્તા નજીક આવેલી એક હોટલ સામેથી આરોપી સંદિપસિંગ ઉ માશંકરસિંગ ઠાકુર (ઉંમર વર્ષ ૪૦, મૂળ રહે. ઉત્તર પ્રદેશ) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી વિરૂદ્ધ વર્ષ ૨૦૦૭માં પલસાણા પોલીસ સ્ટેશનમાં દારૂબંધી ના કાયદા હેઠળ ગુનો નોંધાયો હતો.

## કિશોરીને ભગાડી જનાર બારડોલીના બાબેનમાંથી ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લાના પલસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક વર્ષ જૂના અપહરણના આરોપીને પોલીસે ઝડપી પાડી કિશોરીને હેમખેમ મુક્ત કરાવી હતી.ગઇ તારીખ ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ પલસાણાના જોળવા ગામની એક સોસાયટીમાંથી કિશોરીને લગ્નનો વાયદો કરી ભગાડી જવામાં આવી હતી. જેથી પલસાણા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. જેમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ અને સ્થાનિક પોલીસે બારડોલીના બાબેન ગામથી આરોપી રોહિત ગોવિંદભાઈ વેકરીયાની ધરપકડ કરી છે અને ભોગ બનનાર કિશોરીને મુક્ત કરાવી તેના માતા-પિતા સાથે સુખદ મિલન કરાવ્યું છે.

## તાતીથૈયાની રેલવે પટરી પરથી રિક્ષાચાલકની ક્ષતવિક્ષત હાલતમાં લાશ મળી

પલસાણા : પલસાણા તાલુકાના તાતીથૈયા ગામની સીમમાંથી પસાર થતી રેલવે પટરી પરથી એક રિક્ષા ચાલક યુવાનની કપાયેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. કોઈ અગમ્ય કારણોસર યુવાને ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હોવાની પ્રાથમિક વિગતો બહાર આવી છે, જેને પગલે કડોદરા જીઆઈડીસી તાતીથૈયા ગામની સીમમાં રાધે રેસિડેન્સીના રૂમ નંબર ૨૧૬ રહેતા રિક્ષાચાલક સુનિલકુમાર મનપુરન સાવ (ઉં.વ. ૩૪, મૂળ રહે. ઝારખંડ) નામનો યુવાન ગત તારીખ ૨૬/૦૬/૨૦૨૬ના રોજ કોઈને કહ્યા વગર રૂમ પરથી નીકળી ગયો હતો.

## અંકલેશ્વરના કસ્બાતીવાડમાં 1.83 લાખના દાગીના ચોરાયા

**પરિવાર** મામાના ઘરે દાવતમાં ગયા હતા ત્યારે મકાન બંધ હોવાથી તસ્કરોએ લાભ લીધો

અંકલેશ્વર : અંકલેશ્વર શહેરના કસ્બાતીવાડ વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ.1.83 લાખથી વધુના સોનાના દાગીનાની ચોરી કરતાં ચકચાર મચી છે. પરિવાર દાવતમાં ગયો હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી તિજોરી તોડી ચોરીને અંજામ આપ્યો હતો.

અંકલેશ્વર શહેરના દુધિયાપીર દરગાહ પાસે આવેલા કસ્બાતીવાડ વિસ્તારમાં રહેતા સાજીયાબીબી મોહંમદ સાજીદ શેખ પોતાની દીકરી સાથે ૨૭ જૂનના રોજ કાગદીવાડ ખાતે મામાના ઘરે દાવતમાં ગયા હતા. આ દરમિયાન તેમના ઘરને તાળું મારી બારીઓ બંધ કરી નીકળ્યા હતા.

બપોરે તેમના પુત્ર ઘરે પરત ફરતા ઘરની સ્લાઈડર બારી ખુલ્લી જોવા મળી હતી. અંદર જઈ તપાસ કરતા બેડરૂમની તિજોરી ખુલ્લી હતી અને લોકર કોઈ સાધન વડે તોડી નાખવામાં આવ્યુ હતુ. તિજોરીનો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો.

તપાસ દરમિયાન તિજોરીમાં રાખેલા અંદાજે ૨૨.૯૬ ગ્રામ વજનના સોનાના દાગીના ગાયબ હોવાનુ જાણવા મળ્યુ હતુ. ચોરાયેલા મુદ્દામાલમાં ૧૫ ગ્રામનો સોનાનો સેટ, ૫ ગ્રામની સોનાની ચેઈન તેમજ બે સોનાની વીંટીઓનો સમાવેશ થાય છે. ચોરાયેલા દાગીનાની કુલ કિંમત રૂ. ૧,૮૩,૬૮૦ હોવાનું ફરિયાદમાં નોંધાયુ છે.

## પાસોદરા પાટિયા પાસે જુગાર રમતી પાંચ મહિલાઓ પકડાઇ

કામરેજ : કામરેજ પોલીસે બાતમીના આધારે પાસોદરા પાટિયા પાસે આવેલી વિકટોરીયા રેસિડેન્સીમાં જલ્પાબેન ભાવેશ તળાવિયાના ફ્લેટ નંબર બી-101માં રેડ કરતાં અંજલીબેન રમેશ અમીપરા (ઉ.વ.45, રહે.મકાન નંબર 265, રામવાટીકા સોસાયટી, વેલંજા), નયનાબેન મુકેશ સાવલીયા (ઉ.વ.42, રહે.ઈ-402, વિકટોરીયા ટાઉનશીપ,નવાગામ), નીતાબેન લાલજી ત્રિવેદી (ઉ.વ.50,રહે.103,નીલકંઠ સોસાયટી,હિરાબાગ,વરાછા), જશુબેન વજુભાઈ કોલડીયા (ઉ.વ.40. રહે.34, ઓમ ટાઉનશીપ,નવાગામ), આરતીબેન ભુપત ઠાકર (ઉ.વ.50, 99-એચ.આર.પી બંગ્લોઝ, કામરેજ) ને પકડી પાડી દાવ પરના રોકડા રૂ.1670 તેમજ અંગઝડતી કરતાં રોકડા રૂ.9860 મળી કુલ્લે રૂ.11530નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.

## બ્લુડાર્ટમાં જમા કરાવવાના રૂપિયાથી લોન ભરી દીધી

**ડિલીવરી** કરતાં સંજય રાઠોડ સામે 3.76 લાખની ઉચાપતની ફરિયાદ

**ત્રણ** માસમાં રૂપિયા ચુકવી આપવા માટે લખાણ કરી આપ્યુ હતુ

કામરેજ : અમદાવાદ ન્યુ રાણીપ ખાતે આકાશ રેસિડેન્સીમાં જે-304માં મહેશ છગનલાલ પ્રજાપતિ રહે છે. તેઓ પાર્ટનરશીપમાં એચ.આર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપની ચલાવે છે. કંપનીનો કરાર બ્લુ ડાર્ટ કંપની સાથે છે. જેનું કામકાજ કામરેજ ગામની હદમાં બાપા સીતારામ ચોક ખાતે આવેલા મારવેલ પ્લાઝામાં દુકાન નંબર જી-5માંથી ચાલે છે. ડીલવરી સ્ટાફ તરીકે સંજય ભગુ રાઠોડ એક વર્ષથી નોકરી કરતો હતો. બ્લુડાર્ટ કંપનીમાંથી ત્રણ માસ અગાઉ જાણ કરવામાં આવી કે ડીલવરી સ્ટાફ સંજય રાઠોડ ગત તા.20-3-26 થી 25-3-26 સુધીના કેશ ઓન ડીલવરીના રૂપિયા જમા કરાવવા માટે ઓફીસે આવ્યો નથી. જેના લઈને કેશ ઓન ડીલવરીના રૂ.3,76,301 જમા કરાવ્યા ન હોવાથી અમદાવાદથી મહેશ પ્રજાપતિ કામરેજ ખાતે આવી સંજય રાઠોડને ઓફિસ ખાતે બોલાવી રૂપિયાની વાત કરતાં લોનમાં ભરી દીધા હતા. ત્રણ માસમાં રૂપિયા ચુકવી આપવા માટે લખાણ કરી આપ્યુ હતુ. છતાં પણ રૂપિયા ન આપતા આખરે સંજય રાઠોડ સામે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### કઠોર વિભાગ નાગિરક બચત અને ધિરાણ મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



વિશાલ પટેલ

કામરેજ : રવિવારે કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. સંસ્થાના મેનેજર વિરલ પટેલે તમામનું સ્વાગત કરી એજન્ડા પરના કામો વાંચનમાં લીધા હતાં અને ઉપસ્થિત સભાસદોએ તેને મંજૂરી આપી હતી. બાદમાં સંસ્થાના પ્રમુખ પંકજ પટેલે અહેવાલ અને હિસાબ રજૂ કરતાં જણાવ્યુ હતુ કે, સંસ્થામાં શેર ભંડોળ રૂ. 36, 52,800, ફરજિયાત બચત થાપણ રૂ.6,13,81,613, લોન બચત થાપણ રૂ.6,47,06,117, થાપણ રૂ.4,42,06,428, રીઝર્વ ફંડ રૂ.56,36,894 છે. સંસ્થાનુ નેટ એન.પી.એ ફક્ત 6.85 ટકા છે. ચાલુ વર્ષમાં રૂ.14,48,489નો ચોખ્ખો નફો થયો છે અને 20 ટકા ડિવિડન્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### અંકલેશ્વરના યુવા મિત્ર મંડળના બલ્ડ કેમ્પમાં 100 યુનિટ રક્ત એકત્ર

અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલ માનવ મંદિર હોલ ખાતે શ્રી યુવા મિત્ર મંડળ, અંકલેશ્વર દ્વારા 75 મો સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી 100 થી વધુ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યુ

## અંકલેશ્વર નવજીવન હોટલ પાસે અકસ્માતમાં એકનુ મોત

**સુરતના** નાનાવરાછાના ભાઇઓ બલેઠીથી સુરત આવી રહ્યાં હતા ત્યારે બની ઘટના

અંકલેશ્વર : અંકલેશ્વર નજીક નવજીવન હોટલ સામે સુરત-અંકલેશ્વર હાઈવે પર શુક્રવારે સાંજે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, સુરત શહેરના નાના વરાછા વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ બાવચંદભાઈ વઘાસીયાના પિતા ભાવચંદભાઈ મગનભાઈ વઘાસીયા તથા તેમના કાકા બાબુભાઈ મગનભાઈ વઘાસીયા મોટરસાયકલ નં. GJ-05-HL-1423 પર ગલેઠી ગામથી પરત આવી રહ્યા હતા.

આ દરમિયાન નવજીવન હોટલ સામે રોડ ક્રોસ કરતી વખતે સુરત તરફથી અંકલેશ્વર જઈ રહેલી ઈકો કાર નં. GJ-16-Z-6587 સાથે તેમની મોટરસાયકલની જોરદાર ટક્કર થઈ હતી.

ટક્કરના કારણે મોટરસાયકલ સવાર બંને વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા મુજબ એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બીજા ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાદમાં જાણવા મળ્યું કે ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક અનુમાન મુજબ ઈકો કાર ચાલકની બેદરકારી અને પૂરઝડપે વાહન હંકારવાના કારણે અકસ્માત સર્જાયો હોવાનું માનવામાં આવે છે, જોકે સત્તાવાર તપાસ બાદ જ સંપૂર્ણ હકીકત બહાર આવશે.આ અકસ્માતને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

## ટ્રેક્ટર પાછળ બાઈક ભટકાતા યુવકનું મોત

**અંધારામાં** યુવાનને રિફ્લેક્ટર નહીં હોવાથી ટ્રેક્ટર દેખાયું નહીં

માંગરોળ : માંગરોળ તાલુકાના સેલારપુર ગામની અકસ્માતમાં એકનું મોત થયું હતું જ્યારે અન્યને ઈજા પહોંચી હતી. માંગરોળના સેલારપુર ગામે ભગત ફળિયામાં રહેતો ચિરાગ ચેતનભાઈ વસાવા (ઉંવ૧૯) અમરકુઈ ગામ ખાતે આવેલી ક્વોરીમાં ડ્રાઈવિંગનું કામ કરતો હતો.રાત્રે અંદાજે ૯:૧૫ વાગ્યાના સુમારે તે તેની બાઈખ નંબર GJ-19-BP-5755 ઉપર સાથી મિત્ર સુરેન્દ્રકુમાર રામસિંગભાઈ વસાવાને પાછળ બેસાડી કામ પતાવી ઘરે પરત ફરી રહ્યો હતો. તે સમયે અંધારામાં રિફ્લેક્ટ વગરના ટ્રેક્ટર સાથે તેમની બાઈક અથડાઈ ગઈ હતી જેથી બંને યુવાન પટકાયા હતાં. ચિરાગને ઝંખવાવની સરકારી હોસ્પિટલમાં ખસેડાતાં મૃત જાહેર કરાયો હતો જ્યારે સુરેન્દ્રને વધુ સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિલટમાં ખસેડવામાં આવ્યો છે.

Milano
MULTIPLEX
બારડોલી
Welcome To The Jungle
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 05:00pm, 06:45pm, 09:00pm, 10:00pm
Cocktail 2
11:00am, 02:30pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ

મોજે ગામ કરંજ તા.અરેઠ જી.સુરતમાં આવેલ બ્લોક નંબર-૨૮૩ ખાતા નંબર-૪૧૦ વાળી બીનખેતીની ઔધોગીક હેતુ વાળી જમીનમાં પાડવામાં આવેલ ખુલ્લો પ્લોટ નંબર-૧૧ ની વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હમારા અસીલશ્રી મોજે ગામ કરંજ તા.અરેઠ જી.સુરતમા આવેલ બ્લોક નંબર-૨૮૩ ખાતા નંબર-૪૧૦ વાળી બીનખેતીની ઔધોગીક હેતુ વાળી જમીનમાં પાડવામાં આવેલ ખુલ્લો પ્લોટ નંબર-૧૧ જેનુ ક્ષેત્રફળ ૧૪૯૮ ચો.મી.ના માલીક નામે સચીન નવનીતલાલ શાહના સ્વતંત્ર માલીકી કબજા ભોગવાટામાં ચાલી આવેલ છે.સદર પ્લોટ નંબર-૧૧ ચોખ્ખો માર્કેટબલ ટાઈટલ વાળી હોય સદરહુ બીન ખેતીની ઔધોગીક હેતુ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૧૧ ના માલીક કીમતી અવેજ લઈ હમારા અસિલશ્રીને કાયદેસરનો રજીસ્ટ્રર વેચાણ દસતાવેજ કરી આપવાનૂ જણાવે છે.જેથી સદરહુ પ્લોટ નંબર-૧૧ અંગે કોઇ પણ ઇસમનો લાગભાગ, હક હીત, હીસ્સો, લોન, ધિરાણ, મોર્ગેજ, લિયન, કરાર, સાટાખત,કે ભરણપોષણનો હક્ક અધીકાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭મા નિચે જણાવેલા સરનામે દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુઆત કરવી ત્યારબાદના કોઈ વાંધા કે રજુઆતને ધ્યાને લેવામાં આવશે નહી.જેની આ જાહેર નોટીસ થકી જાહેર જનતાએ નોંધ લેવી. તા.૨૭/૦૬/૨૦૨૬

મુ.અરેઠ વલ્લભનગર સોસાયટી તા.અરેઠ જી.સુરત મો.૯૯૭૯૪૯૪૯૭૬,૯૨૨૮૬૭૪૨૦૨

હમારી મારફત
શતીષ જી.ચૌધરી, એડવોકેટ

ARUNABEN BHAKTA NURSING COLLEGE
(Managed By Pratik Medical Education & Charitable Trust)
"Bhikhibaa Campus" At & Post: Kamalchhod (Bajipura)
Ta. Valod, Dist. Tapi- 394690 Cell-9313922817
E-mail: arunabenbhaktanursingcollege@gmail.com |pmect2021@gmail.com
Affiliated With Veer Narmad South Gujarat University, Surat

Education Faculty Required

| Sr No. | Name of The Post | No. of The Post | Subject & Faculty |
|---|---|---|---|
| 1. | Principal | 01 | M.Sc. (Nursing) having total 15 year's experiences with M.Sc. (Nursing) out of which 10 years after M.Sc. (Nursing) in collegiate program. Ph.D. (Nursing) is desirable |
| 2. | Associate professor | 02 | Total 8 years of experience with M.Sc. (Nursing) including 5 years teaching experience Ph.D. (Nursing) desirable - Medical Surgical Nursing(1) - Mental Health Nursing (1) |
| 3. | Assistant professor | 05 | M.Sc. (N) with total 3 years of teaching experience, Ph. D (N) desirable - Mental Health Nursing (1) - Community Health Nursing (1) - Child Health Nursing (1) - Obstetrics & Gynecological Nursing (2) |
| 4. | Nursing tutor | 09 | M.Sc. (N) preferable or B.Sc. (N)/P.B. B.Sc. (N) with 1 year of experience. |

Qualifications, pay scale and service conditions are as per norms of INC, New Delhi and VNSGU, Surat. Interested candidates should apply with their detailed curriculum Vitae along with photographs, attested Certificates, Mark Sheets, and Testimonials within 10 Days from the Date of Publication of This Employment Notice by Reg. Post/Speed Post only in favor of President, Pratik Medical Education & Charitable Trust "Bhikhibaa Campus" at & Post : Kamalchhod (Bajipura), Ta: Valod, Dist: Tapi-394690.

Date: 29/06/2026
Place: Kamalchhod, Bajipura.
President
(Pratik medical education & charitable trust)